મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના કૂતરાઓમાં પારવો નામના વાયરસનો ફેલાવો

ગાંધીનગર, તા. ૨૯

કૂતરાઓને થતા રોગ વિશે આપણે અજાણ હોઈએ છીએ. બિસ્કીટ ન ખવડાવવા એ વાત તો શહેરીજનોએ જાણી પણ પાલતુ અને સેક્ટરોમાં ફરતા કૂતરાઓને ભરખી જતો જીવલેણ રોગ પારવો વાયરસથી ઘણા બધા વંચિત છીએ. ગાંધીનગરમાં કાર્યરત સંસ્થા ગોડ ગિફ્ટ ફાઉન્ડેશન દ્વારા આ બાબતે શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે જે કૂતરા ઉલટી કરતા, તાવ આવતા ખાવાનુ ન ખાતા કે દુર્ગંધ ધરાવતા નજરે ચઢે તો ૯૦૧૬૯૪૫૧૮૬ અને ૮૬૧૯૩૧૬૫૬૯પર સંપર્ક કરવો. પારવો વાયરસ એ કૂતરાઓમાં થતો જીવલેણ રોગ છે. વધુ જાણીએ તો જન્મ બાદ કૂતરાઓને રસી ન અપાય તો આ રોગ થવાની સંભાવના વધુ છે. પાલતુ કૂતરાઓનું ખાસ વેક્સિનેશન કરાવી જ લેવુ જોઈએ. સ્ટ્રીટ ડોગમાં ખાસ આ રોગ રસ્તામાં પડેલા કચરા કે રોડ પર ચોંટેલા છાણને ખાવાથી થાય છે. ઘણા ખરા કેસમાં આ રોગની જાણકારી મળતા પહેલા જ કૂતરાઓનું મૃત્યુ થઈ જાય છે.

આ વાયરસ સીધો કૂતરાના શરીરના કોષ પર અસર કરે છે અને શરીરને પુરતા પોષક તત્વો મળતા અટકાવે છે.જેનાથી કૂતરામાં નબળાઈ આવે છે. સુકાવા લાગે છે અને તેવો મૃત્યુ પામે છે. ઘણા કૂતરાઓમાં આ રોગના લક્ષણ જણાતા ૪૮ થી ૭૨ કલાક થાય છે જો આવા લક્ષણ જણાય તો તેને કૂતરાની ટોળાથી અલગ રાખવુ જોઈએ તેવું સંસ્થા દ્વારા જણાવાયુ છે. આ વાયરસ મનુષ્યમાં ફેલાતો નથી પણ પહેરેલા કપડા કે બુટ પર આ વાયરસના બેક્ટેરીયા હોય તો બીજા જાનવરમાં ફેલાય છે.

છેલ્લા ઘણા મહિનાઓથી કોરોનાના ખોફની સાથે જીવતા વસાહતીઓ હવે થોડાક ભય વિના જીવતા શીખી રહ્યા છે. કોરોનાની રસી આવતા અને કોરોનાનો ખૌફ ઓછો થતાં માસ્ક અંગે પણ હવે લોકો થોડીક છૂટછાટ લઈ રહ્યા છે. પોલીસે પણ કડકાઈ ઓછી કરતા માસ્ક વિના ઘણા વસાહતીઓ ફરતા જોવા મળી રહ્યા છે.

શહેરમાં વધતો સાયકલિંગનો ક્રેઝ

ગાંધીનગર, તા. ૨૯

કોરોના કાળ દરમ્યાન ઘરે જ રહીને દિવસો પસાર કર્યા બાદ વર્કીંગ શહેરીજનો વર્ક ફ્રોમ હોમ કરીને ગૃહિણીઓ ઘરનું કામ કરીને અને બાળકો, યુવાનો ઓનલાઈન સ્ટડી કરીને કંટાળી ગયા છે અને આ સમયગાળામાં બેઠા બેઠા દરેકના વજન પણ વધી ગયા છે. ત્યારે ઘણા શહેરીજનોએ કસરત કે કાર્ડિયો કરી વેઈટ મેઈન્ટેઈન કરવાનો માર્ગ અપનાવ્યો છે.

ખાસ કરીને શહેરીજનો વહેલી સવારે અને સાંજના સમયે સાયકલિંગ કરતા જોવા મળે છે. સમગ્ર શહેરીજનો હવે સાયકલ ચલાવતા પણ હેલ્મેટ પહેરીને સવારી કરતા નજરે ચઢી રહ્યા છે. સાયકલ ચલાવવાના અનેક ફાયદા વિશેની જાણકારી મુજબ સાયકલ બેસ્ટ કાર્ડિયો કસરત છે. સાયકલીંગ કરવાથી મસલ્સની સ્ટ્રેન્થ અને ફેક્સીકિસીબલીટી વધે છે. સાંધા મજબૂત થાય છે, સ્ટ્રેસ લેવાનું ઓછુ થાય છે, શરીરની ફેટ ધીમે ધીમે બર્ન થાય છે. રેગ્યુલર સાયકલીંગ કરવાથી ઘણા રોગમાંથી મુક્તિ મેળવી શકાય છે. આ તમામ ફાયદાઓ સાથે ઘણા દિવસો ઘરમાં વિતાવીને કેટલાક શહેરીજનો માઈન્ડ ફ્રેસ કરવા માટે પણ સાયકલીંગનો સહારો લઈ રહ્યા છે. પહેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસે શહેરીજનો સાયકલીંગ કરતા નજરે ચઢતા પરંતુ હવે ત્યાં કામ ચાલતુ હોવાથી શહેરીજનો શહેરના ચ અને ખ માર્ગ પર સાયકલીંગ કરતા નજરે ચઢે છે.

શ્રી પી.ટી. કેળવણી ટ્રસ્ટ સંચાલિત આરાધના વિદ્યાવિહાર ખાતે ૭૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ.

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકોમાં દેશપ્રેમ અને દેશ પ્રત્યેની જવાબદારીને ધ્યાનમાં રાખીને હીરાબા નગર, સેવા વસ્તી, સેક્ટર -૩૦, ગાંધીનગર ખાતે ભારતના ૭૨માં પ્રજાસતાક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

ક્રિષ જાની
રોયલ ભૂદેવ સેવાદળ (આરબી)
મો. ૭૩૮૩૬ ૬૭૩૫૮

દિયા તેજેન્દ્ર પટેલ

ભવ્ય
ચેતનકુમાર પ્રજાપતિ
મો. ૯૮૯૮૫ ૫૯૧૫૬

રુદ્ર
નયનકુમાર રત્નાકર
મો. ૯૯૯૮૬ ૯૦૫૬૫

વિહાન
મિહિરભાઈ ભટ્ટ
મો. ૯૯૯૮૧ ૮૦૪૭૨

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મહેતા ધરમચંદ્ર કિશોરકુમાર, ઉ.વ. ૪૧, સેકટર-૨, ગાંધીનગર.
- સ્વ. વણઝારા, રૂખીબેન રમેશભાઈ, ઉ.વ. ૨૬, લેકાવાડા, તા. જિ. ગાંધીનગર.

શિક્ષણ-સેવા સંસ્થાઓના સમાચાર

વનશ્રી ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા શહેરી નાટક સ્વચ્છ ગાંધીનગર વિષય પર તૈયાર કરી મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ સ્પર્ધામાં ઓનલાઈન ભજવવામાં આવ્યુ જેમાં પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો. આ સફળતા માટે સંસ્થા દ્વારા વનશ્રી ટ્રસ્ટ દીવીયમ ઈનફો કિ અને ચૈતન્ય નીમાવત તથા સમગ્ર પરીવારનો આભાર માનવામાં આવ્યો હતો.

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સાઉથ અને ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ દ્વારા નિઃશુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સાઉથ અને ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ આયોજિત એક દિવસનો નિઃશુલ્ક ફિઝીયોવર્લ્ડ કેમ્પનું આયોજન એડવાન્સ ફિઝીયોથેરાપીસ્ટ, સ્પોર્ટસ ઈન્જરી અને રી-હેબીલેશન સેન્ટર, બેન્ક ઓફ બરોડાની પાછળ, તેમજ રાધે સ્વીટ માર્ટની બાજુમાં પાછળ, સે. ૨૧ ગાંધીનગર ખાતે તા. ૩૧-૧-૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી સાંજે ૫.૩૦ કલાક સુધી રાખવામાં આવેલ છે.

આ નિઃશુલ્ક કેમ્પમાં ગરદન, કમર, સાયટિકા (રાંઝણ), ખભા તેમજ ઘુંટણનું દુખાવા, રમત-ગમત દરમ્યાન થતી ઈજાઓ અને તે પછીની સારવાર, ફરતો વા (રહ્યમોટાઈડ, આર્થાટાઈસ), સાંધાના ઘસારા અંગે નિષ્ણાંત ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. નિધિ લેકીનવાલા, શાહ માર્ગદર્શન આપશે તેમજ ગુજરાતમાં પ્રથમવાર વસાવેલ આધુનિક અદ્યતન મશીન દ્વારા ડેમોસ્ટ્રેશન આપી પ્રાયોગિક (પ્રેક્ટીકલ) સારવાર આપશે.

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સાઉથ દ્વારા આયોજિત આ નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા સૌ નગરજનોને પોતાનું રજીસ્ટ્રેશન-કેમ્પ પ્રેજકોટના ચેરમેન તથા સચિવ લાયન મનોજભાઈ સરૈયા - ૯૮૨૪૦૬૯૪૮૫, પ્રમુખ લાયન દર્શનાબેન ત્રિવેદી - ૯૭૧૨૯૮૭૬૩૮ તેમજ ફિઝીયોવર્લ્ડના ડૉ. નિધિ - ૭૫૭૫૦૨૪૨૩૨ પાસે નોંધણી કરાવી શકાશે.

સમર્પણ કોલેજમાં વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર ખાતે તા. ૨૫-૧-૨૦૨૧ના રોજ નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ) અંતર્ગત ઓરિયેન્ટેશન અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેના મેડમ તથા મુખ્ય મહેમાન તરીકે ડૉ. મનીષ વાઘેલા, પોરબંદર કોલેજથી જોડાયા હતા. તેમણે વિદ્યાર્થીઓને નોટ મી બટ યુ'ના મોટોને અનુસરવા જણાવ્યુ હતુ.

વિદ્યાર્થીઓને એનએસએસ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. ત્યારબાદ સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ગરીબોમાં ફૂડ પેક્ટેસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સમગ્ર પ્રોગ્રામના સફળ આયોજન કરાવવા બદલ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેના મેડમનો આભાર પ્રોગ્રામનું સફળ સંચાલન કરવા બદલ એનએસએસ ઓફિસર ભાલચંદ્ર પરમારને અભિનંદન પાઠવ્યા હતા.

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીના રોજ બાળકો દ્વારા ધ્વજ ચિત્ર બનાવી એક-બીજાને આપલે કરવામાં આવી હતી અને સંસ્થાના સંચાલક તુષારભાઈ દવે દ્વારા બાળકોને રાષ્ટ્રધ્વજનું સન્માન કરવા બાબતે બાળકોને સમજ આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધતી જાય છે. સવારે ઓફિસ ટાઈમે અને સાંજે મુખ્ય માર્ગો પર ખૂબ જ ટ્રાફિક જોવા મળે છે. ટ્રાફિકને નિયંત્રણમાં રાખવા અને વાહનચાલકોની સુગમતા માટે ઠેર ઠેર રબરના બ્લોક મુકવામાં આવ્યા છે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને આઈએનઓ ગાંધીનગર દ્વારા નેચરોપથી દિવસની ઉજવણી અંતર્ગત લકુલિશ યોગ યુનિ. સીસીઆઈવાય કોર્સ કરેલ વિદ્યાર્થી અને નેચરોપથી દિવસની પ્રતિયોગીતામાં ભાગ લીધેલ પ્રતિયોગીને સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ મંગળવારના રોજ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને પ્રતિયોગીતાઓ સહિત અશ્વિનભાઈ દવે, ડૉ. ધર્મેશભાઈ પટેલ, રાણાભાઈ, મહેન્દ્રભાઈ ગાંધી તથા વર્ષાબેન દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અરવિંદ કેન્દ્ર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં નવી કારોબારી રચનાની મીટીંગ પણ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન દ્વારા કરવામાં આવ્યુ હતુ.

શિયાળામાં બજારોમાં જાતભાતના ફળફળાદી જોવા મળી જાય છે. હવે થોડાક દિવસોમાં ઉનાળો શરૂ થશે. ઉનાળાનુ ફળ કહેવાતી દ્રાક્ષ બજારોમાં આવી ગઈ છે. કાળી અને લીલી દ્રાક્ષના ઝુંમખા મન લલચાવી રહ્યા છે. હાલમાં દ્રાક્ષનો ભાવ થોડોક ઉંચો છે પરંતુ જેમ જેમ આવક વધશે તેમ તેમ ભાવ ઓછા થવાની સંભાવના છે.

પરપ્રાંતિય શ્રમિકોની નોંધણી ફરજિયાત કરો : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે વધુ એકવાર ગુજરાતમાં ગુનાખોરી ડામવા માટે પરપ્રાંતિય શ્રમિકોની નોંધણી કરવા પર ભાર મુક્યો છે. રાજ્યના મહાનગરોમાં વધતી ગુનાખોરીની ઘટનાઓ અંગે પરપ્રાંતિય નાગરિકની સંડોવણી વધતી હોવાની આશંકા સાથે પરિષદે રાજ્યમાં મોટી સંખ્યામાં આશ્રય લઈ રહેલા પર પ્રાંતિય શ્રમિકોની નોંધણી ફરજિયાત કરવા અનુરોધ કર્યો છે. તાજેતરમાં મળેલી પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર અને કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમની સાથે જ માસ્કનું વિતરણ કરી 'કેચ ધ રેન' કાર્યક્રમનો પ્રારંભ કરાવાયો હતો.